# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
# Shri Govind Guru University
## ( Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ. પિન કોડ-૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

---

એસજીજીયુ/પરીક્ષા/૨૦૧૯/૪૨૭૫ તા. ૧૮/૦૬/૨૦૧૯

પરિપત્રઃ- ૮૫૨

વિષયઃ- ડુપ્લીકેટ માર્કશીટ મેળવવા બાબત

શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણીજ્ય, વિનયન, કાયદા અને શિક્ષણ વિધાશાખાનાં સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમની કોલેજ તથા અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રીઓ / પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓને જણાવવાનું કે, આપની કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ કે જેઓ તેમની ડુપ્લીકેટ માર્કશીટ મેળવવા માંગતા હોય તેવા વિદ્યાર્થીઓએ આ સાથે સામેલ અરજીપત્રક અને નિયત કરેલ સોગંધનામા સહીત અરજી કરી માર્કશીટ દીઠ રૂ. ૨૫૦/- ફી નીચે મુજબના ખાતામાં ભર્યા અંગેની અસલ પહોંચ સાથે યુનિવર્સિટી ખાતે જમા કરાવવાનું રહેશે. ફોર્મ જમા કરાવ્યા બાદ યુનિવર્સિટી દ્વારા નિયત થયેલ નિયમો મુજબ ડુપ્લીકેટ માર્કશીટ ફાળવી આપવામાં આવશે.

**ખાતાનું નામ: શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી એક્ઝામિનેશન, ગોધરા**

**બેંકઃ- એક્સીસ બેંક**

**ખાતા નં.918010086166147**

**IFSC CODE: UTIB0000264**

**MICR: 389211002**

કા. કુલસચિવ,
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

બીડાણઃ- અરજીપત્રક અને સોગંધનામાનો નમુનો

પ્રતિ,

- શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણીજ્ય, વિનયન, કાયદા અને શિક્ષણ વિધાશાખાનાં સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમની કોલેજ તથા અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રીઓ / પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

## (ડુપ્લીકેટ માર્કશીટ મેળવવા માટેની અરજીનો નમુનો)

નામ: ______________________

સરનામું: ______________________

______________________

મો. નં. : ______________________

તારીખ :

પ્રતિ,
પરીક્ષા નિયામકશ્રી,
પરીક્ષા વિભાગ,
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા.

વિષય : ડુપ્લીકેટ માર્કશીટ મેળવવા બાબત.........

મહેરબાન સાહેબ,

સવિનય ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે મેં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરામાંથી માર્ચ/એપ્રિલ/મે/જુન/જુલાઈ/ઓકટોબર/નવેમ્બર/ ૨૦ માં લેવાયેલ __________________ની પરીક્ષામાં સીટ નંબર________________ થી પાસ / એ.ટી.કે.ટી. / ફેઈલ થયેલ છું.

મેં મારી અસલ માર્કશીટ અમારી કોલેજમાંથી મેળવી લીધેલ હતી.પરંતુ શરતચૂકથી મારી અસલ માર્કશીટ ખોવાઈ/ગુમ થયેલ છે. તો મને ડુપ્લીકેટ માર્કશીટ કાઢી આપવા આપ સાહેબને વિનંતી છે. મેં ડુપ્લીકેટ માર્કશીટ મેળવવા અંગેના આ યુનિવર્સીટીના નિતી/નિયમો વાંચેલ છે. અને તે મને બંધનકર્તા રહેશે. મારી અન્ય વિગતો નીચે મુજબ છે.

વિદ્યાર્થીનું પૂરૂં નામ : ______________________________________

સીટ નંબર : ______________ પાસ કર્યાનું વર્ષ : ______________

ઉતીર્ણ થયાનો વર્ગ : ______________ મુખ્ય વિષય : ______________

વિદ્યાર્થીનો SPID નંબર : ______________ ફી ભર્યા તારીખ : ______________

કોલેજ/ભવન/કેન્દ્રનું નામ : ______________________________________

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

આચાર્યશ્રીનો સહી તથા સિક્કો

(વિદ્યાર્થીની સહી)

નોંધ :

૧. વિદ્યાર્થીઓએ માંગવામાં આવેલ માહિતીઓ સાચી આપવી.અધૂરી વિગતોવાળું અરજીફોર્મ ધ્યાને લેવામાં આવશે.નહિ.

૨. અરજી ફોર્મ સાથે શક્ય હોય તો માર્કશીટની કોપીઓ અવશ્ય બીડવી.

૩. આચાર્યશ્રી/અધ્યક્ષશ્રી મારફત સહી તથા સિક્કા કર્યા પછી જ અરજી ફોર્મ રજુ કરવું.

૪. માર્કશીટ માટે એક્ઝીક્યુટીવ મેઝીસ્ટ્રેટ સાહેબ પાસે અથવા રજીસ્ટર્ડ નોટરી વકીલ પાસે રૂ. ૨૦/- ના સ્ટેમ્પ પેપર પર સોગંધનામું કરાવી અરજી ફોર્મ સાથે અસલ રજુ કરવું.

૫. ડુપ્લીકેટ માર્કશીટ મેળવવાની ફી માર્કશીટ દીઠ રૂ. ૨૫૦/- પરિપત્રમાં જણાવ્યા મુજબના ખાતામાં જમા કરાવવાની રહેશે.

(માત્ર ઓફીસ ઉપયોગ માટે)

મે. સાહેબ,

સાદર રજૂ,

સવિનય જણાવવાનું કે શ્રી ______________________________ નો ઓફીસ રેકોર્ડ ______________ માર્કશીટ સાથે તપાસેલ છે. ઓફીસ રેકર્ડ મુજબ પરિણામ છે. રેકર્ડ મુજબ FY/SY/TY/... ____________________ નું ________________ ની ડિગ્રીના વર્ગ વાળી ડુપ્લીકેટ માર્કશીટ ઇસ્યુ કરેલ છે.

| | | |
|---|---|---|
| ______________ | ______________ | ______________ |
| ક્લાર્ક | મ.કુલસચિવ | પરીક્ષા નિયામકશ્રી |

______________

કુલસચિવશ્રી

---

મને ____________________ નંબરની ડુપ્લીકેટ માર્કશીટ તારીખ ____________________ ના રોજ મળેલ છે.

વિદ્યાર્થીની સહી : ________________________

વિદ્યાર્થીનું નામ : ________________________

# ડુપ્લીકેટ સર્ટિફિકેટ મેળવવા માટે રૂ. ૨૦- ના સ્ટેમ્પ પેપર ઉપર સોગદનામું

## (સૂચિત) નમુનો

આથી હું નીચે સહી કરનાર શ્રી ........................................................ ઉમર વર્ષ ...................... ધંધો ..........................................................................................

(ધંધાનું સરનામું જો હોય તો)

રહેવાસી ........................................................................................................................

(રહેઠાણનું પૂરૂં સરનામું.)

મારા ધર્મના સોગંધ અને સત્ય પ્રતિજ્ઞા પૂર્વક જાહેર કરૂ છું કે

અમો નીચે સહી કરનાર ઉપર જણાવેલ સરનામે રહીએ છીએ. અમોએ ______________ વર્ષમાં ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા દ્વારા લેવાયેલ _________________ ની પરીક્ષા પાસ કરેલ છે અને યુનિવર્સિટી દ્વારા અમોને આ અંગેની માર્કશીટ કાઢી આપવામાં આવેલ હતી. પરંતુ તે માર્કશીટ નીચેના કારણસર અમારી પાસે હાલ ઉપલબ્ધ નથી.

_______________________________________________________________________

હવે અમારે ઉપરોક્ત માર્કશીટની ____________________ ના કારણસર જરૂરત ઉભી થયેલ છે. ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીમાંથી ડુપ્લીકેટ માર્કશીટ કઢાવવાની હોવાથી અમારી પાસેનું અસલ સર્ટી ન હોય તેના આધાર પુરાવા માટેના કામે હાલનું આ સોગંદનામું યુનિવર્સિટી ખાતે જમા કરાવવાનું હોય તેથી કરવામાં આવે છે.

અમારી અસલ માર્કશીટનો કોઈ ગેર ઉપયોગ કરેલ નથી તેમજ હવે પછી યુનિવર્સિટી દ્વારા મને મળનાર ડુપ્લીકેટ માર્કશીટનો પણ ગેર ઉપયોગ હું કરીશ નહી. જેની આથી ખાત્રી આપુ છુ.

ભવિષ્યમાં અસલ માર્કશીટ ઉપ્લબ્ધ થશે તો યુનિવર્સિટીમાં જમા કરાવી આપીશ તેની ખાત્રી આપુ છુ. (માર્કશીટ ખોવાયાના કિસ્સામાં આ પેરા રાખવાનો છે.)

ખોટુ સોગંદનામુ કરવું તે ફોજદારી ગુન્હો બને છે. તે હું સારી રીતે જાણું છુ. ઉપરની તમામ હકીકત ખરી અને સત્ય છે. તે હું સોગંદ પર જાહેર કરુ છું.

| | |
|---|---|
| તારીખ : | સોગંદનામું કરનારની સહી |
| સ્થળ : | સાક્ષીની સહી |
| નોટરીનો સહી / સિક્કો વગેરે. | ઓળખાણ આપનાર એડવોકેટ |